# સુપ્રભાતમ્

**સુરેશ પ્રા. ભટ્ટ**

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

વિઝા, ઇન્ટરવ્યુ, પરિણામોમાં તારીખો પડે છે,
મળતો ન ન્યાય સમયસર, તારીખો પડે છે,
તારીખો પડે છે હવે પ્રણય-મિલનમાં પણ -
જન્મ ને મૃત્યુ માટે પણ હવે તારીખો પડે છે!

## હાઇકુ

મળ્યાં છે ફળ,
ધીરજથી સેવાનાં -
'રાજભવન'
(વૃદ્ધ રાજપાલો)

હવે બાબાજી,
કરે છે શિર્ષાસન -
'શ્રી નમોબાબા..'
(પત્રકાર-સંદેશવાહક)

## ચિંતન

**તથા રિમિર્ન વ્યથતે શિલી મુર્ખેર્હતો દિગન્તે હૃદયે ન દૂરતઃ ।**
**યથા ખલાનાં કુધિયાં દુરૂક્તિભિર્દિવા નિશં તપ્યતિ મર્મતાડિતઃ ॥**

'દુષ્ટ બુદ્ધિવાળા લુચ્ચા-કપટી પુરૂષોના વચનોના માર્મિક આઘાતથી જે દુઃખ થાય છે તેની રાતદિવસ પીડા થાય છે તેવી પીડા શત્રુ-દુશ્મનો એ દૂરથી કોઇ હથિયાર દ્વારા કરેલા ઘાવથી કે ધનુષ્યના બાણથી વિંધાયેલાં હૃદયમાં થતી નથી.'

જેમ તીરની ધાર અણી પર લગાડેલા ઝેરની જેમ ઘાવ આપી પીડા તો આપે જ છે પણ તે ઝેર પણ અંગ અંગમાં વ્યાપ્ત થાય છે એ પીડા અનહદ હોય છે પ્રાચીન કાળમાં યુદ્ધ દરમિયાન આવાં તીર ભોંકવામાં આવતાં -

કવિ કહે છે પરંતુ આ પીડા કરતાં પણ શબ્દ રૂપી કટુ બાણ પર વ્યંગ-કટાક્ષ રૂપી ઝેર લગાડી જે શબ્દ બાણ હૃદય પર નિશાન લગાડી છોડવામાં આવે છે એની ઝેરી-ડંખીલી વેદના ઉપરોક્ત, દુશ્મનોએ છોડેલાં બાણની પીડા કરતાં ખૂબ જ અસહ્ય છે.

કોઇ વીર પુરૂષ શારીરિક પીડા તો સહન પણ કરી શકે પણ વ્યંગ-ટીકાના તીરથી નીપજેલી પીડા અસહ્ય હોય છે.

## સુવિચાર

- અંતરના ઉમળકાને ઉન્માદ કહેવો હોય તો ભલે કહો, માનવીના હિત ખાતર આપેલો આવો ખરો ઊમળકો એ ઇશ્વરની સર્વોત્તમ બક્ષિસ છે **- કાન્તિ ભટ્ટ**
- સુવિચાર સેવનાર અને તે મુજબ વર્તન કરનાર માનવી બીજાનામાં પણ સુવિચારનું બીજારોપણ કરશે કે જેના મીઠા ફળ આવ્યા વગર રહેશે નહીં, આ રીતે સદ્ભાવનાનું ઉમદા બિયારણ તૈયાર થયું રહેશે **- એસ. ભટ્ટાચાર્ય**
- જે જાતમાહિતી થકી જાણે છે તેના ચિત્તમાં જ્ઞાન છે અને જે માત્ર અભિપ્રાય બાંધે છે તેના ચિત્તમાં માત્ર અભિપ્રાય વસે છે. અભિપ્રાયએ જ્ઞાન નથી **- ઓશો**
- જેનામાં માત્ર બુદ્ધિ કે વિવેક ન હોય એના હાથમાં રાજ્યની લગામ ન સોંપતાં જેઓએ આ ઉપરાંત ઇષ્ટ તત્ત્વનો પૂરેપૂરો સાક્ષાત્કાર કર્યો હોય તેને જ રાજ્યવ્યવસ્થાની જવાબદારી સોંપવી જોઇએ **- જ્ઞાનસૂત્ર**
- જે પ્રેમ નિત્ય નવીન નથી હોતો, તે આદત અને છેવટે એક બંધન બની જાય છે **- ખલીલ જિબ્રાન**
- દરેક વ્યક્તિમાં અનંત શક્યતા છે, આપણા દરેકમાં ભીતર કોઇક એવું બીજ છે જ કે જેમાંથી વૃક્ષ પ્રગટી શકે છે **- જ્ઞાનસૂત્ર**
- તમારી અકાંક્ષાઆ એ તમારી શક્યતાઓ છે.. જેવી આકાંક્ષા એવી સિદ્ધિ- **સ્ટીફન કોવી**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

બહારથી કડક દેખાતા હોય પણ 'રમૂજવૃત્તિ' ને કારણે ઘણા મહાન માણસો ગંભીર અને ચિંતાતુર ક્ષણને પણ હળવી બનાવી નાખતા હોય છે ગાંધીજી અને સરદારના સંબંધમાં આવી અનેક ક્ષણો આવતી.

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીનાં સંસ્થાપક સર સૈયદ અહમદખાનનું બાહ્ય વ્યક્તિત્વ ખૂબ જ કડક હતું સામાન્ય માણસ તો એમની સાથે વાત કરતાં પણ ગભરામણ અનુભવતો.

એકવાર અલીગઢના બે-ત્રણ કવિ મિત્રો મૌલાના શિબ્લી અને મુમતાઝ અલી કોઇ સામાજિક કામની ચર્ચા માટે આવ્યા હતા. જે સંદર્ભમાં વાત થઇ એ મતલબનો એક પત્ર સર સૈયદને પણ આવ્યો હતો. એટલે એમણે કહ્યું, હા - એ સંદર્ભે મને પણ પત્ર આવ્યો છે. લ્યો બતાવું! કહી સૈયદ સાહેબ ખાંખા-ખોળાં કરી પત્ર શોધવા લાગ્યા, મળ્યો નહી.

શિબ્લીએ જોયું કે પત્ર એમની ગાદી પાસે જ હતો એના પર હાથ દબાવી શિબ્લી પણ જાણે પત્ર શોધવા લાગ્યા. સૈયદે, શિબ્લીના ચહેરાનો અભ્યાસ કરી લીધો ને સમજી ગયા કે કાગળ શિબ્લીના હાથ નીચે જ છે - એટલે કહ્યું, શિબ્લી, મૈંને સૂના હૈ, કભી કોઇ વસ્તુ નહીં મિલતી હૈ વો શેતાન કે હાથ નીચે હોતી હૈ । જરા હાથ ઉઠાવ.

.. અને ખંડમાં હાસ્ય ફેલાઇ ગયું.

Email - sureshchandrabhatt18@gmail.com

# મારા જેવા ઘણા લોકો હવે તેજાબનો શિકાર બનેલ વ્યથિત લોકો માટે આશાનું કિરણ બનવાની કોશીષ કરી રહ્યાં છે, લોકો હવે મારો ચહેરો જોવા વિના જ મને ઓળખી લે છે અને કહે છે કે રશ્મિ એ ખરેખર જિંદાદિલી બતાવી જીવનને નવી દિશા આપી છે

**નવાં કલેવર**
**- નટવર હેડાઉ**

મારો ચહેરો પહેલાં આવો ન હતો. હું બહું સુંદર હતી. મારા લગ્ન જલ્દી થઇ જવા પાછલ એ જ પ્લસ પોઇન્ટ હતો. ૨૪ વર્ષની ઉંમરે એક દિવસ મને જાણવા મળ્યું કે મારા માટે કોઇ મોટા કુટુંબમાંથી માંગુ આવ્યું છે. મારા મમ્મી પપ્પા તો ખુશખુશાલ થઇ ગયાં હતા. તેમના માટે એ મોટી વાત હતી કે મોટા ઘરનાં લોકો દ્વારા સામેથી મને ઘરની વહું બનાવવા માટે માગું આવ્યું હતું. હું કેવી નસીબદાર હતી.

છોકરો એરફોર્સમાં હતો. આવક સારી હતી. ગામડે જમીનદારી હોઇ તેની પણ આવક હતી. મારાં મા-બાપ તો સંબંધીએને વાત કરતાં થાકતા નહોતા કે મારા ભાવી સાસરાંવાળાંઓ કેટલાં પૈસાદાર છે.

સગાઇ થઇ તેના એક જ મહીનામાં મારાં લગ્ન થઇ ગયાં. બહું જાણે એક ફિલ્મી સીનની જેમ થઇ ગયું. ફિલ્મોમાં પણ આવા સીન ભજવાતાં સમય લાગતા હશે પણ મને તો મીસ માંથી મીસીસ થતાં માત્ર એક મહિનાનો જ સમય લાગ્યો. હું ખુશ હતી કે ઉત્સાહિત હતી તેની તો મને ખબર નથી પણ જે રીતે ભારતી આવેલી એ જ ઝડપે ઓટ પણ આવી. લગ્નની રાતે જ મને સમજાઇ ગયેલું કે આ તોફાનમાંથી બચવું મારા જેવી નાદાન માટે મુશ્કેલ ગયેલું કે આ તોફાનમાંથી બચવું મારા જેવી નાદાન માટે મુશ્કેલ છે. સાસરામાં પહોંચતાં જ મને અહેસાસ થઇ ગયો કે મારા માટે પતિની પસંદગી થઇ છે એ ખોટી છે.

મારો પતિ સુંદર અને આકર્ષક હતો પણ તે શરાબનો ખુબ શોખીન હતો. મારું એ અનુમાન પણ ખોટું નિકળ્યું કે હું તેને મારી અદાઓથી વશમાં કરી લઇશ. લગ્નના બે મહિનામાં જ મારા માટે જીવવું મુશ્કેલ બની ગયું. હું મમ્મી-પપ્પાની પાસે આવી ગઇ. મેં તેમને ચોખ્ખે ચોખ્ખું કહી દીધું કે હું મારા પતિ સાથે રહી શકું તેમ નથી. મારે આખી જિંદગી બર્બાદ કરવી નથી.

મારાં મમ્મી-પપ્પા એ વિગતવાર મારા મોહભંગનું કારણ પુછ્યું. મારી પાસે ઘણાં કારણો હતા પણ એ બધાંને તેઓ નકારતાં અને મારા પતિની તરફેણ કરતાં હતા. બસ મારી એક વાતે તેમની જીભ સિવાઇ જયારે મેં કહ્યું કે મારો પતિ સેકસ્યુઅલી પર્વટ છે અને તેને નોર્મલ સેક્સ કરતાં આવડતું નથી. તે દારૂ પીને બેશુદ્ધ સુઇ રહે છે.

મારી એક જ જીંદ હતી કે મારે છૂટેછેડા જોઇએ આ શબ્દ સાંભળીને મારાં માતા પિતા ભડકી ઉઠતાં, તે કહેતાં કે હમણાં તો મારો પતિ ડ્યુટી પર છે તે પરત આવે પછી વિચારીશું, આઠ મહિના સુધી હું અનિશ્ચિતતાની સ્થિતિમાં રહી મારા પેરમેન્સે દબાણ કર્યુ કે હું સાસરીમાં જઇને રહું પણ મારા નિર્ણયમાં ટસથી મસ ન થઇ. મારા સાસરાંવાળા એ મારી વિરૂદ્ધમાં પ્રચાર કરવાનો શરૂ કરી દીધો પણ મેં એ તરફ કંઇ ધ્યાન ન આપ્યું. મેં મારા ગ્રેજ્યુએશન બાદ વકીલાતનો અભ્યાસ કરવાનું નક્કી કરી દીધું. મારા આ નિર્ણયથી મારાં સંબંધીઓ પણ નારાજ થયા અને મારા પિતાને જાત જાતની સલાહો આપવા લાગ્યા. મારા પાડોશીઓ પણ મારા અંગે અનેક પ્રશ્નો ઊભા કરવા લાગ્યા.

બધાનું એમ જ કહેવું હતું કે ગમે તેમ કરીને મારે મારું લગ્ન જીવન બચાવી લેવું જોઇએ. તે માટે સમાધાન કરી લેવું જોઇએ. લગ્ન જીવનને બચાવવાની દરેક આદર્શ પત્નીની પહેલી જવાબદારી છે. મારા પેટમાં બાળક હતું તેના માટે થઇને પણ મારે લગ્ન ટકાવવું જોઇએ. છૂટાછેડાની વાત આવતાં જ સૌ ભડકતાં હતા. તેઓ કહેતાં કે સમજદાર સ્ત્રીઓ છૂટાછેડાની વાત કરતી નથી. મારું કોઇ હમદર્દ ન હતું. મારી મુશ્કેલી સાંભળતા પણ કોઇ તૈયાર ન હતું. કોઇ મારી પતિના વર્તન અંગે વતા કરવા તૈયાર ન હતાં. તેનું કારણ બસ એક જ હતું કે સમાજમાં સ્ત્રીઓ પર જોર જુલમ કોઇ નવી વાત નથી. રાતે માર ખાઇને સુઝેલા હાથે પત્ની પતિના બુટ પોલિસ કરતી જોવા મળે તો કંઇ નવાઇ ન કહેવાય. પતિ ભલે ગમે તેવા મોટા હોદ્દા પર હોય, ભણેલો ગણેતો હોય, સ્ત્રીને હડધૂત કરવાનો તેને અધિકાર છે. તેની મા, બહેન, ભાભી વર્ષોથી એ બધું સહન કરતી આવી છે. તેના માટે એ કોઇ નવાની વાત નથી.

હું અડગ રહી અને છૂટાછેડા માટે માંગણી કરી તેથી મારો પતિ વિફર્યો. તે બે મહિનાની રજા લઇને આવ્યો પણ હું મારા પિયરમાં જ રહી. દીકરાનો જન્મ થયો એ વાત સાંભળીને પણ મારા સાસરાવાળા આવ્યા નહીં. હવે મારા મા-બાપ મારા પર દબાણ લાવવા લાગ્યા. કે મારે એ લોકોને એક મોકો આપવો જોઇએ. પેલી તરફ મારા સાસરાવાળાં પોતાનાં પૈસાના દંભમાં એવો પ્રચાર કરવા લાગ્યા કે અમારા દીકરાના અમે બીજાં લગ્ન કરી દઇશું.

પતિ સાથે રહેવાનો ઇન્કાર કરવાને કારણે મેં મારા પતિના અહમ પર ઘા કર્યો હતો. તે દિવસે સાંજે હું મારા દીકરાને અંદર સુવડાવી આંગણામાં બેઠી હતી. ત્યારે મારો પતિ સંતાતો સંતાનો આવ્યો અને મારા મોં પર તેજાબ નાંખી ભાગી ગયો. તેજાબથી મારો ચહેરો, આંખો, ડોક, છાતી, હાથ, પગ અને કપડાં બધું જ બળી ગયું. જાણે કે મને સળગતી આગમાં નાંખી દીધી હોય.

અસહનીય પીડાથી રાડારાડા કરતી હું બેભાન થઇ ગઇ. મારા ઉપર અનેક ઓપરેશનો કરવામાં આવ્યા. પણ હું પહેલાં જેવી સ્થિતિ પામી ન શકી. મારા માતાં પિતા પ્રાઇવેટ હોસ્પિટલમાં સારવાર કરાવી શકે તેમ ન હતાં. જેથી મારી સારવાર સરકારી હોસ્પિટલમાં જ થઇ. ખુબ લાંબી લાઇનોમાં કલાકો સુધી ઊભા રહ્યા બાદ કેટલાય મહિનાઓનાં અંતે ડૉકટરો સર્જરી માટે સમય ફાળવતા હતા.

મારા પતિ દ્વારા મારા પર તેજાબનો એ હુમલો પૂર્વનિયોજિત હતો. તેજાબ ફેંક્યા પછી એ રાતે જ એ વિદેશ ભાગી ગયો હતો. તેનું કોઇ કાંઇ બગાડી ન શક્યું. બીજું કોઇ આવી નીચ કામ મારી સંગાથે શું કામ કરે? મારા માતા પિતા કાયદાકીય લડાઇ લડી શકે તેમ ન હતા. મારા પતિ પાસે લાખો રૂપિયા હતા. ખિસ્સા ભરાઇ ગયા હતા. એ હાલતમાં ગરીબો માટે કોણ લડે. અખબાર વાળાંઓની પોતાની મજબુરીઓ હતી. છાસવારે આવા કેસો બનતા હતા. જેમાં છોકરીઓ પર તેજાબ નાંખવાના બનાવો બનતા. મારો કેસ હેડલાઇન્સમાં રહ્યો પણ થોડાં જ દિવસમાં બધું ભુલાઇ ગયું.

આ ઘટનાઓ મને અને મારા આત્મવિશ્વાસ ને જગાવી દીધો. મારું અસ્તિત્વ જાણે કે ખતમ થઇ ગયું. મારા માતાપિતા, સંબંધીઓ અને પાડોશીઓને વાત સમજાવવાની જરૂર નહોતી કે હું શા માટે છૂટાછેડા લેવા માંગતી હતી. જો કે તે વખતે કોઇ એ મારી વાત ગંભીરતાથી લીધી હોત તો મારું જીવન કાંઇક અલગ હોત.

પણ આ કઠોર સમાજની સામે મારો વાસ્તવિક સંઘર્ષતો હવે શરૂ હતો. તેજાબથી દાઝેલા મારા ભયાનક કાળા બળેલા ચહેરાએ મારી દુનિયા જ બદલી નાંખી હતી. હવે હું પહેલાંની રશ્મિ તો નહી ન હતી. મારા પાતોનાં સ્વજનોને પણ મારો ચહેરો જોવા ગમતો ન હતો. બાળકો મારું મો જોઇને ડરી જતા, મેં મારા ઘરની બહાર નીકળવાનું બંધ કરી દીધું હતું. મને ઘરનાં રસોડા અને બેડરૂમમાં જવાની મનાઇ કરવામાં આવી કેમ કે હવે મારા પિયરમાં મારી ભાભીનું ચાલતું હતું. મમ્મી પપ્પા તેની તરફેણ કરતાં.

કોઇ મહેમાન આવે ત્યારે બેઠકરૂપમમાં જવાની મને મનાઇ કરવામાં આવતી. બસમાં કે સાર્વજનિક જગ્યાએ લોકો મારા તરફ તિરસ્કાર ભરી નજરે જોતા. મારી પાસેની સીટ પર બેસતા નથી. જો ઘરની ડોરબેલ વાગે અને હું સામે બેઠી હોઉં તો મને કહેવામાં આવતું કે અંદરના રૂમમાં જઇને બેસ.

મારા જ દીકરા ને મળવા, તેની સાથે વાત કરવા કે તેને ખોળામાં બેસાડવા હું તપસતી, મારો દીકરો છાનામાનો મારા અંધારીયા ઓરડામાં મને મળવા આવતો. મારા બળેલા ચહેરાઓ પર દવા લગાવતો, મને સફરજન ખવડાવતો પણ હું હવે તેના માટે કંઇ કરી શકું તેમ ન હતી. તેથી મેં તેને ભાઇ ભાભીની દયા પર છોડી દીધો હતો.

હવે મને એ વાતનો અહેસાસ થઇ રહ્યો હતો કે મારા પતિએ તો મારા પર એકવાર તેજાબ ફેંકીને પોતાની નફરત બતાવેલી પણ આ બેરહેમ સમાજ મારા પર રોજ ઝેરીલા હુમલાઓ કરી રહ્યો છે. લોકોની ઉપેક્ષા હવે મારી સહનશક્તિની બહાર હતી. હું મારા દુઃખ દર્દો ભુલવા માંગતી હતી. મેં મારી નિયતીને સ્વીકારી લીધી હતી. પણ આ સમાજ પળ પળ મારી સાથે તિરસ્કાર પૂર્ણ વ્યવહાર કરી રહ્યો હતો. આ ધૃણાં નો કોઇ અંત નજરે પડતો ન હતો.

હવે મારા મનમાં મારાં જેવા જ લોકોનો વિચાર આવ્યો. જે મારી જેમ રોજ સમાજની માનસિક પ્રતાડનાનો શિકાર બની દિવસ-રાત દોઝખમાં પીડાઇ રહ્યા હતા. મને અખબારો દ્વારા જાણવા મળ્યું કે એકલા આ શહેરમાં જ લગભઘ આઠથી દસ હજાર લોકો એવા છે જે દાઝી જવાની બિહામણમાં લાગે છે. ભારતભરમાં તો આ સંખ્યા લાખોમાં હશે. એ લોકો ગુમનામ અને તિરસ્કારની સ્થિતિમાં દિવસ રાત દુઃખી મને ગમે તેમ પોતાનો સમય પસાર કરી રહ્યા છે.

હું વિચારવા લાગી કે આ લોકો પણ મારી જેમ સંકોચ અને ખેદમાં જીવતાં હશે. શું સમાજ પાસે તેનો કોઇ ઉપાય નથી. કોઇ તેમના માટે કંઇ કરે છે કે નહીં? ને પછી હું જ વિચારવા લાગી કે મારા જેવા શરીરથી અને મનથી દાઝેલાં લોકો માટે કંઇક કરવું જોઇએ. લોકો એમને મળવા ઇચ્છતાં ન હોય તો કાંઇ નહીં અમે આપસમાં તો એકબીજા સાથે હળીમળીને બેસી શકીએ. કેટલાય દિવસ સુધી હું વિચારતી રહી કે મારી સાથે જે સાધન છે તેનાથી શું થઇ શકે. અમારા જેવા બિહામણા લોકોની જીવતી કબરો શું અંધારા ઓરડામાં જ છે. કોઇ મારી સાથે હમદર્દી કેમ બતાવતું નથી. કોઇ આવીને કેમ કહેતું નથી કે ઘરની બહાર નીકળો, અમે તમારી સાથે છીએ. મેં નક્કી કરી લીધું કે હું પોતે વધુ નહીં તો મારા જેવા એકાદની મદદ તો જરૂરથી કરીશ.

મારો કાયદાનો અભ્યાસ અધુરો રહી ગયો હતો. અમુક બાબતો મને ખબર હતી. મેં કોર્ટમાં જઇ કાયદાના જાણકારો સાથે વાતચીત કરી. અને તેજાબ ડૉટકોમ નામની સંસ્થા શરૂ કરી. અને એવા મુદ્દાઓ ઉઠાવ્યા જે મારા માટે સહેલા હતા. અખબારોમાં તેજાબ વેચવા પર પ્રતિબંધ લગાવ્યો. પીડિતાની સર્જરી કરવા જેવા મુદ્દાઓ પર લખો લખી અખબારોને મોકલ્યા. ઓનલાઇન કેમ્પેઇન શરૂ કરી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# કેમ્પસવાલી લવસ્ટૉરી..!! પાપા કહેતે હૈ બડા નામ કરેગા..!!

## કોલેજ કેમ્પસના ફિલ્મી ગીતો... કોઇ મીલ ગયા મેરા દિલ ગયા... ચલે જૈસે હવાયેં સનન સનન... બહેતી હવાસા થા વો... ખુદકો કયા સમજતી હૈ... આખેં ખૂલી હો તા હો બંધ... આવી કોલેજમાં એડમિશન મળે તો જલ્સા




આપણે બધાંએ 'કૉલેજ કેમ્પસ'માં સૌ પ્રથમ કયાં જોયુ છે? ગમે તેટલું યાદ કરો. બુદ્ધિનાં બારણે ટકોરા મારો, પણ મોટાભાગનાએ 'કૉલેજ કેમ્પસ' પહેલીવાર ફિલ્મમાં જ જોયું હશે! કૉલેજમાં જવાનું એટલે એવાં જ એકાદા કેમ્પસમાં જવાનું અને ફિલ્મોમાં જેવું બધું બને છે એવું બધું પોતાની બાબતમાં પણ બનશે એવા રંગીન સ્વપ્ના સજાવીને યુવક યુવતીઓ કૉલેજમાં પગથિયાં ચઢે છે...

ફિલ્મોમાં જેવું બને છે એવું આપણે કરી શકીએ છીએ? એટલે સિંઘન બની કોકને મારીએ કે જબ વી મેટની પેલી કરીનાની જેમ એકલાં ટ્રેનમાં જઇએ અને મા-બાપ દસ-પંદર દિવસ સુધી શોળખોળ પણ ના કરે? આમીર કોકના બદલે કોલજ જાય અને એચ.આય.આય. એમની ડિગ્રી લઇ આવે? આલિયાની જેમ ટ્રક ડ્રાઇવર સાથે હોઇવે ફરવા નીકળી પડાય? જો આવું બધું ના આપણે કરી શકીએ તો પેલી ફિલ્મો જેવું મજાનું કેમ્પસ અને કેમ્પસમાંથી દોસ્તી અને સ્વસ્ટોરી આપણી જિંદગીમાં કેવી રીતે આવે?

બારમાનાં બોર્ડ બાદ મેડિકલ - એન્જિનીયરીંગ અને અન્ય શાખામાં ડિગ્રી લેવા હજારો વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવશે અને મનમાં પેલી રંગીન 'ગુલાબી આંખે જો તેરી દેખી' ના સ્વપ્ના સાથે કે ટૂંકા સ્કર્ટ વાળી રાની મુખર્જીનો કલ્પના સાથે યુવાનો અને કલીન શેવડ્ આમિર કે સ્ટુડન્ટ ઓફ ધ યરના ડ્રીમ સાથે યુવતીઓ એન્ટ્રી લેશે... પણ કૉલેજની શુષ્કતા અને ભણવાની લ્હાયમાં લાગ્યા બાદ એક જ મહિનામાં સમજાઇ જાય કે આપણી શાળા જ આના કરતાં વધુ સારી હતી!!



શાળાના ફ્રેન્ડસ સાથે મજા આવતી અને કૉલેજના ફ્રેન્ડ ઈરિટેટીંગ એવું લાગવાનું કારણ આપણા મગજમાં છપાયેલી કેમ્પસની પ્રતિભા અને આપણે ભાગે આવેલી કૉલેજમાં કેમ્પસનો મેળ ખાતો નથી. અહીં છોકરીઓ પંજાબી ડ્રેસ કે જીન્સ ટોપમાં આવે છે તો છોકરાઓ કરિઅરને પ્રાધાન્ય આપે છે એમાં પેલી કૉલેજવાળી તોફાન-મસ્તિ કે ડ્રેસિંગ ગાયબ છે. ફિલ્મોનાં કેમ્પસ કેવા ચકાચક, બ્યુટીફુલ, એકદમ ઈન્ટરેસ્ટીંગ અને પ્રોફેસરોય ગમે તેવાં જયારે વાસ્તવિક કેમ્પસ ટાઢું, શાંત, અહીં કશું નવું બનતું નથી. વાયોલિન વાગતાં નથી, ડાન્સ થતા નથી... અને એનો મુખ્ય ભેદ એટલે ફેન્ટસી અને વાસ્તવિકતા વચ્ચેનો ફેર!!

આવાં જ ફેન્ટાસ્ટિક કેમ્પસ, ચૉકલેટી હીરો, સ્કર્ટવાળી હિરોઇન, સ્ટેજ પરનાં ગીતો, કૉલેજની ધમાલ મસ્તી, વેચેલા સ્વપ્ના, અને આપણી કયા હીરો-હીરોઇન પર ફિદા થયા એની સિનેમટિક ઝલક...

**તેજાબ :** આમ તા ફિલ્મ અમે ભલેતાં ત્યારે આવેલી જોરદાર ફિલ્મ હતી. આજેય 'તેજાબ' ના કેમ્પસની મજા જોતા જલ્સા પડે છે. મુન્ના અને મોહિનીની લવસ્ટોરી, મુન્નાનું છોકરી પટાવવાની ફોર્મ્યુલા, સાયકોલોજીકલ નુસ્ખા, મુન્ના અને એના મિત્રોની કૉલેજની ધીંગામસ્તી. એનું 'એક દો તીન ચાર પાંચ છે સાત આઠ'નું ફેમસ ગીત... સિનેમાની કથાઓ પછી કયાંથી કયા ફંટાઇ જાય છે, પણ યાદ રહી જાય માત્ર 'તેજાબ'નું કૉલેજ કેમ્પસ.

**કયામત સે કયામત તક :** હવે તમે કહેશો આ ફિલ્મમાં કયા દેખાતું કેમ્પસ? સાચી વાત છે, પણ ફિલ્મની શરૂઆત જ આમીરનો ફેરવેલ પાર્ટી સાથે 'પાપા કહેતે હૈ બડા નામ કરેગા' ગીત ગાયું ને ત્યારે લાગતું કે આપણાં કૉલેજમાંય આવી પાર્ટી થવી જોઇએ.

**દિલ :** આમીર અને માધુરીના આ સુપરહીટ ફિલ્મનું કેમ્પસ જરા યાદ કરો, શું એ લવસ્ટોરી અને શું એ ડાન્સ પેકટીસ. આટલું જોરદાર કેમ્પસ અને આમીર ખાનનાં અળવીતરાં ભૂલ્યા ભૂલાય એવાં નથી.

**જો જીતા વોહી સિકંદર :** આ આખી ફિલ્મ જ કૉલેજ કેમ્પસમાં બની છે. કૉલેજની સ્પર્ધા અને ઈર્ષા માટે તો આ ફિલ્મ સો વાર જોઇએ તો પણ કંટાળો આવે એવી નથી. દોસ્તી, જીગર, પ્રેમ, શત્રુ, બેઢંગીપણું, પંગા, જીતવાની જીદ, ગરીબીનો સંઘર્ષ શું નથી? આ કૉલેજ કેમ્પસમાં ફિલ્મ પતે ત્યાં સુધી પોતાને સંજયની જગ્યાએ સિકંદર સમજવા લાગ્યો એ પાક્કું.

**ખિલાડી :** આ ફિલ્મનો અક્ષયકુમાર એટલે ખિલાડી રાજ યાદ કરો. એને સતત શર્યતો લગાવવાની ટેવ. શર્યત કાયમ જીતવાની પણ ટેવ.એની કૃપાથી ફેમસ થયેલું 'ખુદ કો કયા સમજતી હૈ, કૉલેજ મેં નયી નયી આઇ એક લડકી હૈ' ગીત અને કૉલેજનો પ્રથમ દિવસ જોરદાર હતો. આ ફિલ્મમાં રાજ પહેલા દિવસે બધાં સ્ટાફને આંખો મારવાની દવા પિવરાવે છે. પંખા પર ફુલોની પાંખડીઓ મુકે છે અને એટલામાં હીરોઇન આયેશા ઝુલ્કા આવે એના પર પાંખડીઓનો વરસાદ થાય... કેટકેટલું રોમેન્ટીંગ હતું!! પણ આવું સાચાં કેમ્પસ થાય ખરું??

**કુછ કુછ હોતા હૈ :** ચકાચક કેમ્પસ અને અસ્સલ મજા કરાવી તે આ ફિલ્મે. કરણ જોહરનો 'કુછ કુછ હોતા હૈ'નું કેમ્પસ, પ્રાધ્યાપક, લેડી પ્રોફેસરના સ્કર્ટ, કલાસની રમૂજ, છોકરા-છોકરીની દોસ્તી, એમની પાર્ટી, ફ્રેન્ડશીપ બેલ્ટ, ગીતો.. આ ફિલ્મ અને એનાં કેમ્પસે શાહરૂખ, રાની, કાજોલ પાછળ યુવાનોને પાગલ કર્યા હતા...

**મેં હૂ ના :** કેમ્પસ તો આનું પણ જાનું અને એમાં સુસ્મીતા સેને નિભાવેલી પ્રોફેસરની ભૂમિકા, લકીની હેર સ્ટાઇલ અને શાહરૂખનું કૉલેજમાં જવું, ગીત-કવ્વાલી અને પાછળ એકદમ વાયોલિન વાગવા લાગવું. બધું જ કલ્પના બહારનું બનતું અને તોય ગમતું. આવું કેમ્પસ અને પ્રોફેસર આ દેશમાં તો નક્કી કયાંક નહીં હોય, પણ ફિલ્મમાં હતું!!

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પ્રેમનું પહેલું પગથિયું સ્મિત – સુખ અને ખુશીની નિશાની

**ગુલમહોર**
**દિનેશ દેસાઇ**

**તમારી નજરે પ્રેમ એટલે શું? અમેરિકાની એક પ્રાથમિક શાળામાં માત્ર ૪થી ૮ વર્ષના બાળકોને "પ્રેમ કોને કહેવાય?" એવો સવાલ પુછવામાં આવ્યો ત્યારે તે છોકરા-છોકરીઓએ આપેલા જવાબો ખુબ અદ્ભુત હતા**

ખુબ જાણીતી કૃતિ "ગુલિવર્સ્ ટ્રાવેલ્સ"થી વધુ જાણીતા ઍંગ્લૉ-આઈરિશ સાહિત્યકાર અને કેથલિક પાદરી જોનાથન સ્વિફ્ટ (જન્મ ૧૬૬૭, નિધન ૧૭૪૫) કહે છે કે "તમે જ્યારે કોઈને સ્મિત આપો છો, ત્યારે સામેથી પણ તમને સ્મિત જ મળે છે. સ્મિત પ્રેમનું પહેલું પગથિયું છે. સ્મિત એ સુખની, ખુશીની નિશાની છે. જો તમારા ચહેરા ઉપર સ્મિત નથી તો તમારી પાસે ખુશી પણ નથી અને સુખ પણ નથી."

તમારી નજરે પ્રેમ એટલે શું? અમેરિકાની એક પ્રાથમિક શાળામાં માત્ર ૪થી ૮ વર્ષના બાળકોને "પ્રેમ કોને કહેવાય?" એવો સવાલ પુછવામાં આવ્યો ત્યારે તે છોકરા-છોકરીઓએ આપેલા જવાબો ખુબ અદ્ભુત હતા.

પાંચ જ વર્ષના એક છોકરાએ કહ્યું કે "મારાં મમ્મીને દર રવિવારે દેવળમાં જઈને પ્રાર્થના કરવાનું બહુ ગમે. મારા ડેડીને જ્યારે રવિવારે પણ જૉબનું કામ હોય તેમ છતા ડેડી રજા રાખીને મમ્મીને અને મને લઈને દર રવિવારે દેવળ આવે છે. આને જ કહેવાય, મારા ડેડીનો મારા અને મમ્મી તરફનો પ્રેમ."

સાત વર્ષની બીજી એક છોકરીએ પોતાની કાલીઘેલી ભાષામાં જવાબ આપ્યો કે "મારાં ગ્રાન્ડ મધરને ચાલવાની તકલીફ છે. આથી મારા ગ્રાન્ડ ફાધર એમનો હાથ પકડીને વૉક માટે લઈ જાય છે. દાદીના પગના નખ પણ દાદા જ કાપી આપે છે અને નખ પણ તેઓ જ રંગી આપે છે. મને લાગે છે કે આ જ પ્રેમ છે."

અન્ય એક ૪ વર્ષના છોકરાએ જવાબ આપ્યો કે "જ્યારે તમને કોઈ ચાહતું હોય ત્યારે એ તમારું નામ બીજા કરતા કંઈક જુદી રીતે બોલે છે. તમને પણ એમ જ લાગે કે તમારું નામ એના મોંઢામાં ખુબ જ સરસ લાગે છે, ખુબ સલામત લાગે છે. બસ, એનું જ નામ પ્રેમ."

વળી, છ વર્ષની છોકરીએ પ્રેમ વિશે પોતાનું તારણ આપ્યું કે "પ્રેમ એટલે તમે કોઈની સાથે નાસ્તો કરવા જાઓ અને તમારી મનપસંદ ડિશ મંગાવો, ત્યારે એ બધું જ ખાવા માટે એને આપી દો અને તેની ડિશમાંથી કંઈ પણ ઓછું ન થાય એનો ખ્યાલ રાખીને એની ડિશમાંથી કંઈ પણ ના લો, એનું નામ જ પ્રેમ."

ચાર વર્ષની એક છોકરીએ તો એવું કહ્યું કે "તમે જ્યારે અત્યંત થાકેલા હો ત્યારે પણ જે તમને હસાવી શકે એનું નામ પ્રેમ. તમે ખુબ થાકેલા હો ત્યારે પણ જેની સાથે વાત કરવામાં તમારો થાક ઉતરી જાય અથવા તમે થાક પણ ભુલી જાવ એટલે પ્રેમ."

આઠ વર્ષના એક છોકરાએ એવો જવાબ આપ્યો કે "મારી મમ્મી કૉફી બનાવ્યા પછી મારા પપ્પાને આપતા પહેલા એક ઘૂંટડો ભરીને ચાખે છે કે કૉફી બરાબર બની છે કે નહીં? બસ, આને જ પ્રેમ કહેવાય."

સાત વર્ષની એક છોકરીએ પ્રેમ વિશે જણાવ્યું કે "તમને ખુબ જ ગમતી ગિફ્ટ કોઈ આપે ત્યારે એ પેકેટ ખોલવાને બદલે તમને એ ગિફ્ટ આપનારની વાતો સાંભળતા જ રહેવાનું મન થાય એ જ પ્રેમ."

આઠ વર્ષની છોકરીએ એમ કહ્યું કે "એક છોકરી જ્યારે તેને ગમતા છોકરાને એમ કહે કે તારું આ શર્ટ મને બહુ ગમે છે. આ શર્ટમાં તું ખુબ સરસ દેખાય છે. આવું કહ્યા પછી પેલો છોકરો દરરોજ પેલું એકનું એક જ શર્ટ પહેરે એનું નામ પ્રેમ."

આઠ વર્ષના એક છોકરાએ વળી એવો જવાબ આપ્યો કે "એક પુરુષ અને એક સ્ત્રી એકબીજા વિશે બધું જ જાણતા હોવા છતાં વર્ષો સુધી કોઈ જ ઝગડો કર્યા વિના કે કોઈ જાતની ફરિયાદ કર્યા વિના જો સાથે રહેતા હોય તો એ પ્રેમ છે."

ચાર વર્ષના એક છોકરાએ જણાવ્યું કે "મારી મમ્મી મને રોજ રાતે પછારીમાં સૂવડાવે એ પછી જ્યારે હું આંખો બંધ કરું ત્યારે હળવેથી મારા ગાલને ચૂમી લે છે, એનું નામ પ્રેમ."

પાંચ વર્ષની એક છોકરીએ કહ્યું કે "પ્રેમ એટલે મારા પપ્પા કામકાજ ઉપરથી સાંજે ઘરે આવે ત્યારે શરીર ઉપર ધૂળ અને પરસેવાની બદબૂ હોવા છતા મારી મમ્મી એમને હસીને આવકારે તથા એમના ધૂળવાળા માથા ઉપર વાળમાં હાથ ફેરવીને ભેટી પડે એ જ પ્રેમ."

છ વર્ષના એક છોકરાએ વળી એવું કહ્યું કે "સવારે હું જ્યારે હૉમવર્ક કરતો હોઉં ત્યારે જે ગલુડિયાને મેં દૂર હાંકી કાઢ્યું હોય અને પછી આખો દિવસ ઘરમાં એને એકલું મૂકીને અમે સૌ પરિવારવાળા ઘરની બહાર હોઈએ ત્યારે સાંજે હું સ્કૂલેથી ઘેર પાછો ફરું ત્યારે એ જ ગલુડિયું મને ચાટવા લાગે એટલે પ્રેમ."

આઠ વર્ષની છોકરીએ કહ્યું કે "જ્યારે તમને કોઈ – આઈ લવ યુ – કહે અને એ સાંભળીને તમારી આસપાસ તારાઓનો સમૂહ ફરતો હોય એવું લાગે, તમને સાતમા આસમાનમાં પહોંચી ગયા હોવાનો અહેસાસ થાય એનું નામ પ્રેમ."

ચાર વર્ષના એક છોકરાએ વળી અદ્ભૂત વાત કરી કે "મારા પડોશમાં રહેતાં દાદી મરી ગયા ત્યારે હું તેમના ઘેર દાદાને મળવા ગયો હતો. એકાદ કલાક પછી જ્યારે ઘરે આવ્યો ત્યારે મમ્મીએ ક્યાં ગયો હતો? એવું પૂછ્યું. મેં કહ્યું કે દાદાના ઘરે એમને મળવા માટે ગયો હતો. મમ્મીએ ફરી સવાલ કર્યો કે તેં દાદા સાથે વળી શું વાત કરી? મેં કહ્યું કે મેં કોઈ વાત નથી કરી. બસ, એમના ખોળામાં બેસીને રડવામાં મેં એમને મદદ કરી. મને લાગે છે કે આ જ પ્રેમ છે."

પ્રેમ એટલે એમાં બદલાની ભાવના ના હોય. પ્રેમમાં કશું પણ મેળવવાની અપેક્ષા પણ ના હોય. પ્રેમમાં હંમેશા પ્રેમ આપવાનું જ કર્તવ્ય હોય. આપીને પામવાનું નામ એટલે પ્રેમ. પ્રેમ એટલે નિર્દોષ હાસ્ય. પ્રેમ એટલે સંપૂર્ણ સમર્પણ. પ્રેમ એટલે માલિકીભાવ યા માલિકીપણું નહીં, પ્રેમ એટલે મુક્ત મનથી કરવામાં આવતી વિચારોની આપ-લે. પ્રેમ એટલે વહેતું ઝરણું. પ્રેમ એટલે સંકુચિતતાનું ખાબોચિયું નહીં.

સ્ટૉપર :

"મોસમના પહેલા વરસાદમાં આવતી ભીની માટીની સૉડમની સોબત એકબીજામાં પલળતા રહીને માણવી એટલે પ્રેમ."
— એલિસા વિલિયમ